**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯**
**આંક –૪૮**

| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 06 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | રામભા દેવુસિંગ વાઘેલા | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | NO |
| ઉંમર આશરે | ૫૦ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ભડથ તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) તા.૨૭/૮/૨૦૧૯ના રોજ હું મારા ગામના ગોદરે બેઠેલો હતો. ત્યાં પોલીસ આવીને એક તૈયાર પંચનામામાં મારી સહી કરાવેલી. તેમાં શું લખેલ હતુ તેની મને ખબર નથી. મને આંક:૩૧ વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છું. મારી હાજરીમાં કોઈ લખાણ કે કાર્યવાહી કરવામાં આવી ન હતી. લખાણમાં સહી કરવાનું કહેતા મે સહી કરેલી. તેમાં શુ લખેલ હતુ તેની મને ખબર નથી પોલીસે મારી હાજરીમાં કોઈ હથિયાર રજુ કરેલ હોય તેવુ બનેલ નથી.

**સાહેદ પોતાના અગાઉના નિવેદનથી વિરૂધ્ધ હકીકત જણાવતા હોય વિ.પબ્લીક પ્રોસીકયુટરશ્રી સાહેદને ફરી ગયેલા જાહેર કરી પુરાવા ધારા કલમ ૧૪૫ અને ૧૫૪ અન્વયે સાહેદની ઉલટ તપાસ લેવાની પરવાનગી માંગતા હોય સંજોગો ધ્યાને લેતા સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા અને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપી.**

એ વાત ખરી નથી કે ''પોલીસે મને પોલીસ સ્ટેશનમાં બોલાવેલો અને ત્યાં મદારસિંહ વાઘેલા, રાવતા મશાજી વાઘેલા તથા મકુજી જશાજી વાઘેલા હાજર હતા

સાહેદની સહી............................

અને તેઓને શરીર સ્થિતીનું તથા આરોપી નાનસિંગ મદારસિંગ કુહાડી રજુ કરતા હોય અને તે કબજે કરવામાં આવેલ આ સંબંધે વિગતવારનું પંચનામુ મારી હાજરીમાં કરવામાં આવેલ.'' એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી.**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.આર.વી.સોલંકી..**

(૨) એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા મે સહી કરેલી.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૯/૦૭/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી..............................